
# ભૂકંપ સમયે મોબાઈલમાં એલર્ટ મળશે




ટેક-ટોક

★ આનંદ ગાંધી

ધરતીકંપ થાય તેની થોડીવાર પહેલાં ગૂગલ એલર્ટ આપે છે. ભારતમાં પણ આ ટેકનોલોજી 2023થી ચાલી રહી છે. એક સેટિંગ ન હોય તો તમારે મોબાઈલમાં એ ઓન કરી દેવું પડશે.

ભૂકંપ બહુ અકળ બાબત ગણાય છે. ધરતીની અંદર શું ચાલી રહ્યું છે તેની જાણકારી મળતી નથી. ટેકનોલોજીનો વિકાસ થયો છે પણ આ બાબતમાં આજની ટેકનોલોજી અને સાયન્સ બંને ઘણાં પાછળ છે. તેની સમય રહેતા આગાહી થઈ શકતી નથી. જો વાવાઝોડા અને વરસાદની જેમ આગાહી થઈ શકે તો હજારો લોકોને બચાવી શકાય. વેનેઝુયેલામાં ભૂકંપ થયો એમાં જાન-માલની ભારે તબાહી થઈ. આ દેશને એમાંથી નીકળતા ઘણાં વર્ષો લાગી જશે.

આ અર્થક્વેક વખતે એક બાબતની સૌએ નોંધ લીધી. ભારતના મીડિયામાં ચર્ચા થઈ. એ બાબત ગૂગલ એલર્ટ છે. અમુક લોકોએ દાવો કર્યો કે અમને ભૂકંપનું એલર્ટ ગૂગલે ભૂકંપ થયાની થોડી સેકન્ડ પહેલાં જ આપી દીધું હતું. આ દાવાની ચર્ચા એટલે થઈ કે જો ખરેખર સમયસર આગાહી શક્ય બની જાય તો હજારો-લાખોનો જીવ બચાવી શકાય.

ગૂગલે આ કરી બતાવ્યું હોવાથી એની ચર્ચા થઈ છે. ગૂગલે તેના ડેટાબેઝનો ઉપયોગ કરીને આ ચેતવણી આપી હતી. એક્સલેરોમીટર કે જેનું કામ મોબાઈલને ઓટો-રોટેડ કરવાનું છે તેની મદદથી આ શક્ય બન્યું છે. કરોડો એન્ડ્રોઈડ ડિવાઈસ ગૂગલ સાથે જોડાયેલા હોય છે. આમેય એન્ડ્રોઈડ ઓપરેટિંગ સિસ્ટમના વધારે ફોન એક્ટિવ છે એટલે તેનો સીધો લાભ ગૂગલને મળે છે. ગૂગલે આ કરોડો ફોનના ડેટાનો એઆઈથી તુરંત અભ્યાસ કર્યો અને ટેકનોલોજીની મદદથી એલર્ટ આપી દીધું.

આ એલર્ટ કેવી રીતે મળ્યું તેની જુદી જુદી થીયરી પણ આવી છે. એક થીયરીમાં દાવો થયો કે એક્સલેરોમીટરમાં ભૂકંપના વાઈબ્રેશન એ જ પદ્ધતિથી પકડાય છે જે પદ્ધતિથી મોબાઈલને રોટેડ કરીએ ત્યારે પકડાય છે. એ હિલચાલને નોંધે છે. આપણે સ્થિર હોઈએ ને ધરતી ધણધણી ઉઠે તો આ ટેકનોલોજી એની નોંધ કરે છે અને એન્ડ્રોઈડ સિસ્ટમ તેની જાણકારી ગૂગલને આપે છે. ગૂગલ આવા અનેક નોટિફિકેશન પકડીને ઝડપથી એનું વિશ્લેષણ કરી નાખે છે. એ બધું સેકન્ડોમાં થાય છે.

**એક પડમાંથી બીજા પડમાં એ લહેરો ઉઠે તેની જાણકારી આસપાસના એન્ડ્રોઈડ મોબાઈલમાં પકડી લેવામાં આવે છે એટલે કે પહેલી લહેર વખતે ગૂગલ એલર્ટ થાય અને એ પછી બીજી લહેર આવે ત્યાં સુધીમાં એલર્ટ આપી દેવામાં આવે છે**

એ પછી ભૂકંપના વેવ્સ આવે તે પહેલાં ઈલેક્ટ્રોનિક્સ વેવ્સથી એલર્ટ આવી જાય છે એટલે અમુક સેકન્ડ પહેલાં આ ચેતવણી આવે છે. ભૂકંપની લહેરો ટેકનિકલી બે વખત ઉઠે છે એમ વિજ્ઞાનિકો કહે છે. એક પડમાંથી બીજા પડમાં એ લહેરો ઉઠે તેની જાણકારી આસપાસના એન્ડ્રોઈડ મોબાઈલમાં પકડી લેવામાં આવે છે એટલે કે પહેલી લહેર વખતે ગૂગલ એલર્ટ થાય અને એ પછી બીજી લહેર આવે ત્યાં સુધીમાં એલર્ટ આપી દેવામાં આવે છે. જોકે, આ તો સમય અને ભૌતિક વિજ્ઞાનનો ખેલ છે એટલે તેને ટેકનિકલ સમજાવવાનું નિષ્ણાતો માટે પણ અઘરુ છે, પરંતુ એક વાત ખરી કે કરોડો ફોન એક સામટા જોડાયેલા હોય તેનો ફાયદો ગૂગલને મળે છે તેથી ગૂગલ આ એલર્ટ આપી શકે છે. એપલના ફોન એટલી મોટી સંખ્યામાં નથી તેથી એમાં આવું થઈ શકતું નથી.

ભારતમાં ગયા વર્ષે દિલ્હી સહિત ઘણાં વિસ્તારોમાં ભૂકંપના આંચકા આવ્યા હતા, તેમ છતાં ગૂગલે વેનેઝુએલાની જેમ એલર્ટ આપ્યો ન હતો. એ પાછળનું કારણ પણ જાણવા જેવું છે.

ગૂગલે 2023થી જ ભારતમાં આ ભૂકંપ એલર્ટ પદ્ધતિ એક્ટિવ કરી દીધી છે. તો પછી ભારતમાં આંચકા આવે છે ત્યારે કેમ એલર્ટ આપતા નથી એવા સવાલનો જવાબ સમજવા જેવો છે. ગૂગલે ભૂકંપના એલર્ટ માટે એક મિનિમમ લિમિટ બાંધી છે. મિનિમમ 4.5નો ભૂકંપ હોય તો જ ગૂગલની આ સિસ્ટમ એક્ટિવ થાય છે. ભારતમાં છેલ્લો મોટો આંચકો ગયા વર્ષે 4.1ની તીવ્રતાનો હતો. એ પછી બધા જ ભૂકંપના ઝટકા એનાથી નાના હતા એટલે ગૂગલના માપદંડ મુજબ એલર્ટ મળે નહીં.

જો 4.5નો ધરતીકંપ રિક્ટર સ્કેલમાં મપાય તો ગૂગલની સિસ્ટમ એક્ટિવ થાય છે. જોકે, તેના માટે આપણાં મોબાઈલમાં એક સેટિંગ્સ ઓન કરવું પડે છે.

એન્ડ્રોઈડ ફોનમાં સેટિંગ્સમાં સેફ્ટી એન્ડ ઈમરજન્સી એવો એક વિકલ્પ હોય છે. એમાં પર્સનલ સેફ્ટીના વિભાગમાં જઈને ક્રાઈસીસ એલર્ટ્સમાં ક્લિક કરવું પડે છે.

અર્થક્વેક એલર્ટ્સ એવો એક ઓપ્શન હોય છે તેને ઓન કરી દેવાથી ગૂગલ એલર્ટ મોકલે છે. આ સિવાય લોકેશન ઓન રાખવું પડે છે. લોકેશન ઓન ન હોય તો ગૂગલની સિસ્ટમને ખબર નથી પડતી કે યુઝર ક્યા વિસ્તારમાં છે. ગૂગલ 200-300 કિલોમીટર કે વધીને 500 કિલોમીટર સુધી એલર્ટ આપે છે.

ધારો કે ભૂકંપ અમેરિકામાં આવે તો એલર્ટ ભારતને ન આપે. જો ભૂકંપ હિન્દુકુશ પર્વતમાળામાં આવે અને તેની તીવ્રતા ઘાતક હોય તો ભારત એની રેન્જમાં આવતું હોવાથી એલર્ટ મળે છે. આ ટેકનિકથી ગૂગલના એન્ડ્રોઈડ ફોન જ ભૂકંપ વખતે અર્થક્વેક નેટવર્ક એલર્ટ સિસ્ટમમાં બદલાઈ જાય છે.



## ઈસ ઝિંદગી મેં ઈતની ફ઼ુરાગ઼ત કિસે નસીબ
## ઈતના ન યાદ આ કિ તુઝે ભૂલ જાયેં હમ

**- અહમદ ફ઼રાઝ**

કેફિયત

★ હનીફ મહેરી

જિંદગીમાં આટલી ફુરસત કોના નસીબમાં, એટલી બધી યાદ ન આવ કે તને ભૂલી જઈએ અમે. ભાગદોડની જિંદગીમાં કોને ફુરસદ(ફ઼રાગ઼ત) મળે છે. પરંતુ પ્રિયજનની યાદ આવે એટલે બીજી બધી પ્રવૃત્તિ બાજુએ રહી જાય. દિલની ધડકનની સાથે તેની યાદ થવા લાગે. પરંતુ જ્યારે કોઈ ચાહનારો તેની પ્રિયજનને સતત યાદ કર્યા કરે ત્યારે તેની યાદનો સિલસિલો એવો ચાલે કે જાણે પ્રિયજનને એ ભૂલી ગયો હોય. જીવનની દરેક પળે તમે કોઈ ચાહનારાને યાદ તો કરો છો. પરંતુ સતત કોઈની યાદ પણ તેને ભૂલાવી દેતી હોય છે. કોઈને યાદ કરવામાં ઘણી વખત આપણા પોતાના વજૂદને ભૂલી જવા જેવું પણ બને છે. કોઈ પ્રિયજનની યાદમાં પોતાને પણ ભૂલી જવા જેવી સ્થિતિ થઈ જાય છે. આમ જીવનમાં એટલી ફુરસદ તો હોતી નથી કે બીજા વિશે માણસ કશું વિચારી પણ શકે. કેટલીક વખત તો દોડધામ એવી હોય કે પોતાને પણ માણસ યાદ નહીં કરે. તેવા સમયે પ્રિયજનને યાદ કરવું કે ભૂલી જવું પણ યાદ નહીં રહે. પરંતુ કોઈને પ્રેમ કરો તો તેની યાદ કરવી પણ મહત્વની બાબત બની જાય. જ્યારે યાદના સહારે જીવન ચાલતું હોય ત્યારે ભૂલી જવું શક્ય તો નથી. સતત યાદ આવવું તે પણ જાણે તેને ભૂલી જવા જેવું હોય છે. કોઈ યાદ આવે ત્યારે તેની યાદ પણ કોઈ મુલાકાતથી કમ નથી હોતી. પરંતુ સતત યાદ, સતત સ્મરણ. જાણે એક ક્ષણ પણ નહીં ભૂલવાની જીદ. તેવા સમયે યાદનો સતત વરસાદ પણ ભીંજવી શકતો નથી. તેવા સમયે યાદ પણ જાણે પ્રિયજનને ભૂલી ગયા હોય તેવો અહેસાસ કરાવે. જીવનમાં પ્રેમની દરેક ક્ષણ પ્રિયજનની યાદ બનીને વરસે છે. પ્રેમમાં યાદનો મહિમા મિલનથી પણ વધુ છે. કારણ કે મિલન પછીની દરેક ક્ષણ યાદથી જીવંત બને છે. વિરહની દરેક ક્ષણ પણ મિલન સુધી યાદના સેતુથી સલામત રહે છે. કોઈની યાદમાં જીવવાનો પણ એક આનંદ હોય છે.